**Gujarat Samachar Pg 6, 6th Feb 2022**

## યુએસમાં જોબગ્રોથ વધતાં તથા ક્રૂડતેલ ઉંચકાતાં

# ક્રિપ્ટો બજારમાં તેજીનું તોફાન: બિટકોઈન ઉછળી ૪૨ હજાર ડોલર: ઈથેરે ૩૦૦૦ ડોલરની સપાટી કુદાવી

મુંબઈ, તા.૫

ક્રિપ્ટો કરન્સી બજારમાં આજે તેજી ઝડપથી આગળ વધી હતી. અમેરિકામાં જોબગ્રોથ ફેન્ટાસ્ટીક આવતાં બજાર પર પોઝીટીવ અસર જોવા મળી હતી. બિટકોઈનના ભાવ ઉછળી ઉંચામાં ૪૨ હજાર ડોલર નજીક પહોંચ્યા હતા. ક્રિપ્ટો બજારનું કુલ માર્કેટ કેપ વધી ૧.૯૦ ટ્રીલીયન ડોલર સુધી પહોંચ્યું હતું. ક્રિપ્ટો વાયરનો ક્રિપ્ટો ઈન્ડેક્સ આઈસી-૧૫ આજે ૪૯૬૮ પોઈન્ટ ઉછળી ઉંચામાં આ ઈન્ડેક્સ ૬૧૧૭૫ થઈ ૬૧૦૦૫ રહ્યાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

બિટકોઈનમાં આજે ૧.૬૦ અબજ ડોલરનું ટ્રેડીંગ થયું હતું તથા માર્કેટ કેપ વધી ૭૮૫થી ૭૮૬ અબજ ડોલરને આંબી ગયું હતું. બિટકોઈનના ભાવ આજે નીચામાં ૩૭૩૫૯ ડોલર તથા ઉંચામાં ૪૧૯૨૭ ડોલર થઈ ૪૧૫૪૦થી



૪૧૫૪૫ ડોલર રહ્યા હતા. મિડકેપ તથા સ્મોલ કેપ ક્રિપ્ટો કરન્સીઓ ઉછળતાં તેની પણ તેજીની અસર બિટકોઈન પર જોવા મળી હતી.

દરમિયાન, મિડકેપમાં આજે ઈથેરના ભાવ ઉછળી ૩૦૦૦ ડોલર પાર કરી ૩૦૧૪થી ૩૦૧૫ ડોલર બોલાયા હતા જ્યારે સ્મોલ કેપ ક્રિપ્ટોમાં એક્સઆરપીના ભાવ વધી ૬૭થી ૬૮ સેન્ટ, સોલોનાના વધી ૧૧૪.૮૯ ડોલર, કારડનોના વધી ૧.૧૫ ડોલર, ડોજકોઈનના વધી ૧૪થી ૧૫ સેન્ટ તથા શિબાઈનુના વધી ૦.૦૦૦૦૨૩ બોલાતા થયા હતા. વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ વધી સાત વર્ષની ટોચે પહોંચતાં તથા તેના પગલે વૈશ્વિક ફુગાવો વધતાં ક્રિપ્ટો કરન્સી બજાર પર તેની તેજીની અસર વર્તાઈ છે તથા ફુગાવા સામે હેજીંગના સ્વરૂપમાં પણ ક્રિપ્ટો કરન્સીમાં વોલ્યુમ વધ્યું હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું.

## ક્રિપ્ટોઆઈસી-૧૫ઈન્ડેક્સ૫૦૦૦પોઈન્ટઉછળી૬૧હજારનીસપાટીપાર કરી ગયો: માર્કેટ કેપ ઉંચકાઈ ૧.૯૦ ટ્રીલીયન ડોલરને આંબી ગયું